૫૦ વર્ષથી મોટી ઉંમરના મહિલા કુટુંબ પેન્શનરોને લગ્ન અથવા પુનઃલગ્ન ન કરવા અંગેના પ્રમાણપત્ર રજુ કરવામાંથી મુક્તિ આપવા બાબત.

ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
પરિપત્ર ક્રમાંકઃનવત/૧૩૯૯/૧૩૬૦/પી
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૨/૦૯/૨૦૦૯

વંચાણે લીધાઃ (૧) ગુજરાત મુલકી સેવા(પેન્શન) નિયમો-૨૦૦૨ ના નિયમ ૯૧ (૧),(૩) અને ૯૩(ખ)
(૨) ગુજરાત નાણાકીય નિયમોના પ્રકરણ ૧૦ ના નિયમ ૨૬૨ (૩)

**પરિપત્રઃ**

આમુખ (૧) માં જણાવેલ નિયમો અનુસાર કુટુંબ પેન્શન મળવા પાત્ર થાય છે. જે મુજબ મહિલા પેન્શનરને તેઓએ લગ્ન અથવા પુનઃલગ્ન ન કરવા અંગેનું પ્રમાણપત્ર દર વર્ષે એક વખત તિજોરી અધિકારી/રાષ્ટ્રીય કૃત બેંકના અધિકૃત અધિકારી સમક્ષ નિયત કરેલ ફોર્મમાં આપવાનું થાય છે.

આમુખ (૨) માં દર્શાવેલ નાણાકીય નિયમોના પ્રકરણ-૧૦ ના નિયમ ૨૬૨(૩) માં જણાવ્યા અનુસાર જન્મ તારીખના આધારે ૫૦ વર્ષ પૂર્ણ કર્યા બાદ લગ્ન અથવા પુનઃલગ્ન ન કર્યા અંગેનું પ્રમાણપત્ર મહિલા પેન્શનરે આપવાનું રહેતું નથી.

ઉપરોક્ત મુજબની જોગવાઈ હોવા છતાં કેટલાક અધિકારીઓ દ્વારા લગ્ન અંગેના પ્રમાણપત્રનો આગ્રહ રાખવામાં આવે છે. જે ઉચિત નથી. જેથી ઉપર જણાવ્યા મુજબની લગ્ન સંબંધે પ્રમાણ પત્ર મેળવવાની આવશ્યકતા રહેતી નથી તેવી સર્વે પેન્શન ચુકવણી કરતા/પેન્શન મંજૂર કરતા અધિકારીઓએ નોંધ લેવા વિનંતી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શૈલજા પટેલ
નાયબ સચિવ,
નાણા વિભાગ.

**નકલ રવાનાઃ-**

* રાજ્યપાલના સચિવશ્રી રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
સર્વે માનનીય મંત્રીશ્રીઓ અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
સચિવાલયના તમામ વહીવટી વિભાગો. તમામ ખાતાના વડાઓ.
નિયામકશ્રી હિસાબ અને તિજોરી અધિકારી ગાંધીનગર. (તમામ તિજોરી અધિકારીઓના ધ્યાને લાવવા માટે) નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડંટ ફંડ ગાંધીનગર, નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ ગાંધીનગર.
નાણા વિભાગના તમામ નાયબ સચિવશ્રી અને ઉપસચિવશ્રી .
માન્ય પેન્શનર મંડળો
સિલેક્ટ ફાઇલ પી શાખા
*પત્ર દ્વારા

........................